ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૬-૨૦૧૩, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

ઘણું જીવો મંડેલાજી

સત્યાવીસ વર્ષનો જિંદગીનો સુવર્ણકાળ રંગભેદની રાજનીતિ લડતાં લડતાં જેલમાં પસાર કરી આંતરરાષ્ટ્રીય ફલક પર દક્ષિણ આફ્રિકાના ગાંધીનું બિરૂદ્ધ હાંસલ કરનારા મહાન નેતા નેલ્સન મંડેલા છેલ્લા કેટલાક દિવસથી જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યાં છે. ઉંમરને કારણે કદાચ આ બીમારી જીવનનું પૂર્ણવિરામ પણ નીવડી શકે. દક્ષિણ આફ્રિકામાં ગોરા-કાળાનો જે ભેદભાવ પ્રવર્તતો હતો તેનો ભોગ વર્ષો પૂર્વે ખુદ મહાત્મા ગાંધીને બનવું પડતું હતું તે સર્વવિવિત છે. પ્રથમ વર્ગની ટિકીટ લીધેલ હોવા છતાં મોહનદાસ કરમચંદ ગાંધી નામના એ 'કાળા' મુસાફરને ટિકીટ ચેકરે સામાન્ય ડબામાં બેસવા જણાવ્યું હતું. જયારે ગાંધીએ એમના અધિકારની વાત કરી ત્યારે એમને ધક્કો મારી પીટર મારિત્સબર્ગના રેલ્વે સ્ટેશને ઉતારી દેવાયા હતા અને એમનો સામાન પણ બહાર ફેંકી દેવાયો હતો. 'મિ. ગાંધી' માંથી 'મહાત્મા ગાંધી' બનવા તરફનું આ પહેલું કદમ હતું. એ વખતે જાગી ઉઠેલી સ્વમાનની લાગણીએ ગાંધીને સામાન્ય વકીલમાંથી મોટા લોકનેતા બનાવી દીધા હતા. નેલ્સન મંડેલાએ વર્ષો પછી મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યૂથર કિંગ જેવા મહાનુભાવોના જીવનમાંથી પ્રેરણા લઈ દક્ષિણ આફ્રિકાની રંગભેદવાળી સરકાર સામે જબરદસ્ત લડત આપી હતી. ગાંધીજીએ વિશ્વને 'સત્યાગ્રહ'નો અમોઘ મંત્ર આપ્યો હતો, જેનો અત્યંત સફળતાપૂર્વક વિનિયોગ આ હબસી નેતાએ કર્યો હતો. એમની ઝુઝારૂ અહિંસક લડતના પરિણામે એમના દેશમાંથી રંગભેદ ('અપારથીડ') ની રાજનીતિનો હંમેશને માટે અંત થયો હતો. એમને એક વિશ્વનેતાનો દરજ્જો સાંપડ્યો હતો. એમના દેશના રાષ્ટ્રપ્રમુખ તરીકે યાદગાર સેવાઓ આપ્યા પછી પણ આજપર્યંત એ દક્ષિણ આફ્રિકાના 'રાષ્ટ્રપિતા' જેવો વણલખ્યો દરજ્જો ભોગવતા રહ્યા છે. એમને જેલવાસ દરમિયાન વેઠવી પડેલી યાતનાઓને કારણે ક્ષય રોગ જેવી બિમારી લાગુ થઈ ગઈ હોવા છતાં તેઓ એમની પ્રજાની દુઆ અને પ્રબળ જિજીવિષાના બળથી શતાયુ નજદીક પહોંચી શક્યા છે. ભારત પ્રત્યે એમને અપાર સદ્‌ભાવ રહ્યો છે. 'ભારતે અમને 'મિ. ગાંધી' આપ્યા હતા, અમે એમને 'મહાત્મા ગાંધી' બનાવીને પરત મોકલી આપ્યા હતા.' એમનું આ કથન ઐતિહાસિક સત્યાંશ ધરાવે છે, સાથે જ આપણા દેશ પ્રત્યેના એમના અનહદ પ્રેમનો પણ એમાં પડઘો સંભળાય છે. ભારતે શાંતિ માટેનું નૉબેલ પારિતોષિક પ્રાપ્ત કરનાર આ મહાન આફ્રિકન નેતાને 'ભારત રત્ન' જેવા સર્વોચ્ચ સન્માન દ્વારા અલંકૃત કરી દાખલો બેસાડ્યો હતો. અત્યાર સુધી ભારતનું આ સર્વોચ્ચ સન્માન ભારત બહારના એક માત્ર નેતાને અપાયું છે, તે જ શું સૂચક નથી? નૉબેલ વિજેતા અને ભારતરત્ન-વિભૂષિત મધર ટેરેસા ભલે વિદેશમાં જન્મ્યાં હશે પરંતુ ભારતમાં સેવાકાર્ય કરતાં કરતાં એ સવાઈ ભારતીય બની રહ્યાં હતા, વળી એમણે ભારતનું નાગરિકત્વ પણ સ્વીકાર્યું હતું. તેથી આજપર્યંત કોઈ એક માત્ર વિદેશીને અપાયેલું રાષ્ટ્રનું સર્વોચ્ચ સન્માન નેલ્સન મંડેલાને પ્રાપ્ત થયું હતું, એમ કહી શકાય. આચારશુદ્ધિના મુદ્દે એમને એમનાં ધર્મપત્ની વિની મંડેલા સાથે મતભેદો ઊભા થવા પામ્યા હતા. અને પરિણામે વૃદ્ધ ઉંમરે લગ્ન વિચ્છેદ થયો હતો. આપણાં વરિષ્ઠ બંગાળી લેખિકા મહાશ્વેતા દેવીએ એમને જ્ઞાનપીઠ પારિતોષિક આપવાની જાહેરાત કરાઈ ત્યારે કોઈ 'ચીલાચાલુ' રાજકારણીના હાથે આ સન્માન સ્વીકારવાની ના પાડી. એમને એ એવોર્ડ નેલ્સન મંડેલાના વરદ હસ્તે એનાયત કરાયો હતો. આવા માનવંત અને સિનિયર વિશ્વનેતા શતાયુ બને એવી શુભેચ્છા.

ડિપ્લોમાં ઈજનેરી ચોઈસ ફિલીંગની તારીખ લંબાવાઈ

ગાંધીનગર, તા. ૨૯

એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમાં કોર્ષ સમિતિએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ધોરણ-૧૦ પછીના વિવિધ ડિપ્લોમાં ઈજનેરી અભ્યાસક્રમોમાં હાલમાં સંસ્થા અભ્યાસક્રમની પસંદગી માટેનો મોકરાઉન્ડ ચાલી રહ્યો છે. જેમાં આજરોજ મોક રાઉન્ડ માટે ચોઈસ ફીલીંગ ટેકનિકલ કારણોસર યોગ્ય રીતે થઈ ન શકવાના કારણે સંસ્થા, અભ્યાસક્રમના પસંદગીના મોક રાઉન્ડનો સમયગાળો એક દિવસ લંબાવીને ૧લી જુલાઈ સુધી કરવામાં આવ્યો છે.

સાદરા વ્યાયામ કોલેજમાં સજીવ ખાતર બનાવવાની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા એકમના વિદ્યાર્થીઓને સજીવ ખાતર બનાવવાની તાલીમ અપાઈ હતી.

સાદરાના વ્યાયામ મહા વિદ્યાલયમાં સજીવ ખાતર બનાવવાની તાલીમમાં ગૌ સંવર્ધન કેન્દ્રના સહ પ્રાધ્યાપક રમેશભાઈ પટેલ, રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજભાઈ અને પ્રાધ્યાપક ડૉ. વિજયભાઈ મકવાણાએ સજીવ ખાતર બનાવવાની તાલીમ આપી હતી. સંજય બનાની અને જનક ભરાડિયાના નેતૃત્વમાં સ્વયં સેવકોએ ૬ સજીવ ખાતરના બેડ બનાવ્યા હતા. સંયોજક જમનાદાસ સાવલિયાએ આ બદલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સોજા પગાર કેન્દ્રના આચાર્યનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

કલોલ તાલુકાના સોજા ગામની પ્રાથમિક કુમાર શાળાના આચાર્ય નટવરભાઈ રાઠોડનો સેવા નિવૃત્તિ વિદાય સન્માન સમારંભ તાજેતરમાં યોજાઈ ગયો.

વિજાપુર તાલુકાના ધનપુરા ગામના વતની નટુભાઈએ ૧૯૭૭થી આજ પર્યંત સોજા ગામની શૈક્ષણિક સંસ્થામાં શિક્ષક અને મુખ્ય શિક્ષક તરીકે સેવા બજાવી છે. છેલ્લા ૧૧ વર્ષથી પગાર કેન્દ્ર શાળાના આચાર્ય તરીકે પોતાની સેવા બજાવનાર નટવરભાઈ રાઠોડને પગાર કેન્દ્ર શાળાઓના આચાર્યો, પૂર્વ આચાર્યો, સરપંચ, બી.આર.સી. કોઓર્ડિનેટર ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

આજે સાહિત્યકાર પ્રવીણ ગઢવીનું વકતવ્ય યોજાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૨માં આવેલા ડૉ. આંબેડકર ભવન ખાતે આજે ૩૦મી જૂને સાંજે ૫.૩૦ કલાકે દલિત સાહિત્ય અકામીના અધ્યક્ષ અનેઅગ્રણી સાહિત્યકાર પ્રવીણ ગઢવીનું મનનીય વકતવ્ય યોજાશે.

ગાંધીનગર શહેર અને જિલ્લાના દલિત સાહિત્ય તથા કલાના ભાવકોનું માસિક મિલન તેમજ સાહિત્યકાર પ્રવીણ ગઢવીના વકતવ્યનો કાર્યક્રમ યોજાશે. દલિત કવિ અરવિંદ વેગડાના સધ્યપ્રકાશિત દલિત કવિતા સંગ્રહ 'ઝીબ્રા ક્રોસિંગ' વિશે દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવી વિશેષ વકતવ્ય આપશે જેનો સૌ સાહિત્ય પ્રેમીજનો લાભ લઈ શકશે એમ સાહિલ પરમારે જણાવ્યું છે.

આજે રોહિત સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ

ગાંધીનગર, તા.૨૯

રોહિત સમાજ સેવા વિકાસ પરિષદ હવેલી ગુજરાત દ્વારા આજે તા. ૩૦મી જુન ૨૦૧૩ને રવિવારે બપોરે ૨.૩૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સેકટર-૧૨ ગાંધીનગર ખાતે છઠ્ઠો તેજસ્વી તારલા સન્માન સમારંભ યોજાશે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨માં ઉચ્ચ ગુણવત્તા પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનું તેમજ સને ૨૦૧૨-૨૦૧૩ના વર્ષમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓને વિના મુલ્યે નોટબુક તેમજ ફુલસ્કેપ ચોપડાનું વિતરણ તેમજ સરકારી, અર્ધ સરકારી નોકરીમાં સન્માનભેર નિવૃત્ત થયા હોય તેમનું બહુમાન તથા કર્મચારી વર્ગમાં બઢતી પામેલા અધિકારીશ્રીઓનું બહુમાન કરવાનું તથા વાર્ષિક સામાન્યસભાનું આયોજન કરવામાં આવ્યું છે. સમારંભના ઉદ્‌ઘાટક તરીકે પૂ.પૂ. પ્રદીપ માડી ખાસ હાજર રહેશે.

ચાલુ વિદ્યા સહાયકોને ફરી કોલલેટર ન આપવા અપીલ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા વિદ્યાસહાયક તરીકે અગાઉ જોડાયેલા ઉંચા મેરીટવાળા ઉમેદવારોએ ચાલુ વર્ષે પણ વિદ્યાસહાયક ભરતી ૨૦૧૨-૧૩માં ઉમેદવારી કરી છે. જેને પરિણામે નવા લાયક ઉમેદવારોને નોકરીનો ચાન્સ ઘડી જાય છે. આ સ્થિતિ ન સર્જાય તે માટે અગાઉ વિદ્યાસહાયક તરીકે લાગેલા નોકરીયાતને બીજા વખત ભરતીમાં ન સમાવવા સૌએ અપીલ કરી છે.

ચાલુ નોકરીવાળા ઉમેદવારો પણ વર્ષ-૨૦૧૨-૨૦૧૩ની વિદ્યાસહાયકની ભરતીમાં ફોર્મ ભરી મેરીટમાં આવ્યા છે. અગાઉ દૂર-દૂરના વિસ્તારમાં લાગેલા ઊંચા મેરીટ વાળા નજીક પોતાના વિસ્તારમાં આવતા ફરી ફોર્મ ભરી નોકરી મેળવી રહ્યા છે. આવા ઉમેદવારોને કાયદાના નિયમ પ્રમાણે રાજીનામુ આપ્યા વિના બીજી નોકરી માટે લાયક ન ગણવા જોઈએ. જો આવા લોકોને મેરીટમાં ગણવામાં આવશે તો એવા લોકોને જ ફરીથી નોકરીનો ઓર્ડર મળે છે અને નવા કોઈ ઉમેદવારોને નોકરીની તક મળે તેમ નથી. આ બાબતે ૧લી જુલાઈએ સત્યાગ્રહ છાવણીમાં સવારે ૧૦.૩૦ કલાકે ઉમેદવારો ભેગા થઈ આ બાબતનો વિરોધ કરશે.

સ્વામી યોગાનંદ વિદ્યાલયમાં શરીર સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના જી.એસ.ઈ.બી. કોલોની ખાતે આવેલી સ્વામી યોગાનંદ હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં શરીર સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાઈ ગયો.

બદલાતી ઋતુમાં થતાં રોગો સંદર્ભે યોજાયેલા શરીર આરોગ્યલક્ષી જાગૃતિ કાર્યક્રમમાં ગાંધીનગરના જાણીતા ડૉક્ટર રાજેન્દ્ર ગઢવી મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા તેઓએ તેમના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને શરીર આરોગ્ય જાળવણી અંગે ખોરાક અને પેય પદાર્થો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. સુંદર સ્વાસ્થ્ય તંદુરસ્તી કેળવવાના તેમના નુસખા પણ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હર્ષદરાય ઉપાધ્યાયે કર્યું હતું. આચાર્ય ગોવિંદભાઈ નસીતે કાર્યક્રમ આયોજન અને માર્ગદર્શનની દોર સંભાળી હતી.



સરકારે આ સારૂ કામ કર્યું છે..! આ લેપટોપ આપ્યું તે પછી ભુખ-તરસ કાંઈ ખબર નથી પડતી..! તું ય શીખી જા...!!

ફેફસાંની ક્ષમતા વધારવા માટે 'પ્રાયાણામ' કરો

ગત લેખાંકમાં જણાવ્યા પ્રમાણએ અહીં ફેફસાંની ક્ષમતા વધારવા માટે 'પ્રાયાણામ' કરો એ વિશે વિગતે માહિતી મેળવવાની થતી હતી. પરંતુ 'પ્રાયાણામ' વિશેની માહિતી મેળવતાં પહેલાં એ જાણવું જરૂરી છે કે ફેફસાંની ક્ષમતા શા માટે વધારવાની રહે છે? તો આ બાબતે ધ્યાન ઉપર લાવવાનું કે, કસરત કરવાથી શરીરના જુદા જુદા ભાગોમાં આવેલ સ્નાયુઓમાં એટલે કે માથુ, ધડ અને હાથપગના સ્નાયુઓમાં રાસાયણિક પ્રતિક્રિયા ઝડપી બનતી હોય છે. આ પ્રતિક્રિયા ફક્ત ઓક્સિજનની હાજરીમાં જ થતી હોય છે. આથી આ ઝડપી ક્રિયાને પહોંચી વળવા માટે વધારે ઓક્સિજનની જરૂરિયાત ઊભી થતી હોય છે. આ ઓક્સિજન જે તે સ્નાયુઓ સુધી લોહી મારફત પહોંચતો હોય છે. આ ઝડપી ક્રિયાને પહોંચી વળવા માટે ફેફસાં અને હૃદયને વધારે કાર્યક્ષમતાથી કામગીરી કરવી પડતી હોય છે. એટલે કે ફેફસાંએ વધારે જથ્થામાં ઓક્સિજન પૂરો પાડવાનો થતો હોય છે. પરંતુ આપણાં ફેફસાંના બધા જ વાયુ પરપોટા સામાન્ય રીતે કાર્યશીલ હોતા નથી. આથી લગભગ બધા જ વાયુ પરપોટાઓને કાર્યશીલ બનાવવા માટે એવી ક્રિયાઓ કરવી પડે જેથી લગભગ બધા જ વાયુ પરપોટા સુધી, શ્વાસમાં લીધેલી હવા પહોંચી શકે. તેથી આ માટેનો સચોટ ઉપાય છે, દૈનિક રીતે પ્રાણાયામની ક્રિયાઓ કરવી અને આપણા ફેફસાં વધારે કાર્યક્ષમ કરવા. તેથી હવે આપણે પ્રાણાયામની જે તે ક્રિયાઓ વિશે જાણીએ ત્યારે પહેલાં 'પ્રાણાયામ' એટલે શું તેની

ફિઝીકલ ફિટનેસ

- કાંતિભાઈ રા પટેલ

સમજૂતિ મેળવીએ, જે નીચે મુજબ છે.

મહર્ષિ પતંજલિનાં 'અષ્યાંગ યોગ' મુજબ 'પ્રાણાયામ' એ ચોથું અંગ છે. આ આઠ અંગોનો ક્રમ આ મુજબ છે. (૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયામ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન અને (૮) સમાધિ.

પતંજલિ યોગ સૂત્રના અધ્યાય-૨, સૂત્ર-૯માં દર્શાવ્યા મુજબ પ્રાણાયામની વ્યાખ્યા સંસ્કૃત ભાષામાં આ પ્રમાણે છે : તસ્મિન્ સતિ શ્વાસપ્રસ્વાસયોગ્રતિ વિચ્છેદઃ પ્રાણાયામઃ। અર્થાત્ ઇચ્છાનુસાર શ્વાસ લેવા અને છોડવાની ક્રિયા તથા રોકવા ઉપર અધિકાર મેળવવો એટલે 'પ્રાણાયામ'.

પ્રાણાયામ શબ્દ સંસ્કૃત ભાષામાં બે શબ્દો પ્રાણ અને આયામ મળીને બન્યો છે. પ્રાણ એટલે પ્રાણવાયુ (ઓક્સિજન) કે જીવનશક્તિ અને આયામ એટલે નિયંત્રણ કે નિયમન. આ રીતે પ્રાણાયામનો અર્થ 'પ્રાણ ઉપર નિયમન સ્થાપવું' એવો થાય.

'હઠયોગ પ્રદીપિકા' મુજબ સંસ્કૃત ભાષામાં પ્રાણાયામની વ્યાખ્યા 'પવનો બધ્યતે યેન મનસ્તેનેવ બધ્યતે।' એ પ્રમાણે છે એટલે કે 'જેણ શ્વાસને બાંધ્યો છે તેણે મનને પણ બાધ્યું છે.'

શ્રુતિ મુજબ 'જેણે પ્રાણ તત્વોને જાણી લીધું તેણે વેદને જાણ્યો.'

બિહાર રાજયના મુંગેર શહેરમાં આવેલ '**Bihar School of Yoga**' ના સ્વામી સત્યાનંદ સરસ્વતીએ પ્રાણાયામને અંગ્રેજી ભાષામાં જે વ્યાખ્યા આપેલી છે. તેનો ગુજરાતીમાં અનુવાદ આ પ્રમાણે છે : 'પ્રાણાયામના અભ્યાસથી પ્રાણાયામ કોષ કે જે પાંચ પ્રાણમય વાયુઓનો બનેલો છે, તેમાં આવતી રૂકાવટોને દૂર કરી, નિરામય શરીરનું નિર્માણ થાય છે. જેનાથી પ્રાણ તત્વને ધારણ કરવાની કે તેને પચાવવાની ક્ષમતા પ્રાપ્ત થવી.'

(ક્રમશઃ)

મંદિરની સામેનું આખું બજાર કાટમાળમાં ફેરવાઇ ગયું હતું, આજુબાજુમાં એક પણ દુકાન કે ધર્મશાળા બચી ન હતી, કાટમાળમાં લાશો પડેલી હતી

ચારધામ યાત્રાની વણકહી વાતો

- વિષ્ણુભાઇ પટેલ (જય અંબે પરિવાર)

(ગતાંકથી આગળ...)

૧૭ તારીખે સાંજે ૫.૦૦ કલાકે ઉઘાડ નીકળ્યો. એક હેલીકોપ્ટર આવ્યું. અમે ધાબા પર ચઢી ઘણી બૂમો પાડી પરંતુ હેલીકોપ્ટર સર્વે કરીને જતું રહ્યું. વરસાદ બંધ રહેતાં કંઇક આશા બંધાઇ. હોટેલનો માણસ જતો રહ્યો. આથી અમે કંઇક ખાવા માટે મળશે તે આશાએ બાજુમાં તૂટી ગયેલ ગઢવાલ મંડળના રસોડામાં બીજી છ લાશો જોવા મળી. મંદિર તરફ જવાનો રસ્તો બંધ થઇ ગયો હતો. હું અને રમેશભાઇ પંચાસરા આગળની ગલીમાં કાટમાળ વચ્ચેથી મંદિર તરફ ગયા. મંદિરની સામેનું આખું બજાર કાટમાળમાં ફેરવાઇ ગયું હતું. આજુબાજુમાં એક પણ દુકાન કે ધર્મશાળા બચી ન હતી. કાટમાળમાં લાશો પડેલી હતી. મંદિર પહેલાં રસ્તામાં એક સાધુની લાશ જોઇ. મંદિર પાસે આવતાં પુરાણા મંદિર અને પોઢીયા વચ્ચે પાંચ લાશોને ઉપરાઉપરી પડેલી જોઇ. મંદિરમાં ભરાયેલ કાટમાળમાં નજર કરતાં ૨૦થી વધારે લાશોનો ખડકલો જોયો. અમારૂં હૈયું હમચચી ઉઠ્યું. મન મક્કમ હતું. બધાને સહી સલામત બહાર કાઢવા છે. બાજુમાં આવેલ મૂર્તિઓ વાળુ મંદિર કયાં હતું તેનું નામ નિશાન રહ્યું ન હતું. પુરાણા મંદિરના પાછળના ભાગમાં એક કિ.મી.ના અંતરે પર્વત આવેલો હતો. જે વધારે પડતા વરસાદથી બરફ ઓગળવાથી તૂટીને મંદિર તરફ આવીને વિનાશ કર્યો હતો. મંદિરના પાછળનાં ભાગમાં મોટા પથ્થરો આવીને રોકાઇ ગયા હતા અને તેમાં કાટમાળ ફસાઇ જવાથી, જયાં ત્રિકોણાકાર પથ્થર રૂપે શિવલિંગ આવેલું છે તે મુખ્ય મંદિર બચી ગયું હતું.

કહેવાય છે કે કેદારનાથમાં ૭૦૦ જેટલા પુજારીઓ છે, તેઓ એક બાજુ લોકોને દર્શન માટે લાઇન કરાવતા હતા અને બીજી બાજુ ૫૦૦ રૂા.માં પાછળના દરવાજે દર્શન કરાવતા હતા. કોના પાપે વિનાશ થયો તે તો ભોળાનાથ જાણે ! મંદિરમાં એ આજુબાજુમાં કેટલા લોકો રહેતા હતા અને કયાં ગયા તે કહી શકાતું ન હતું. પરંતુ વિનાશ જોતાં એકલા કેદારનાથમાં જ ૧૫૦૦ જેટલા માણસો મરી ગયા હશે તેમ કહી શકાય. જલારામ હોટેલની આજુબાજુમાં આવેલી પાંચ-છ હોટેલો-ધર્મશાળાઓને બાદ કરતાં ૮૦ ટકા કેદારનાથ ગામ નાશ પામ્યું હતું. પાણીનો વેગ એટલો બધો હતો કે લાશો પર એક પણ કપડું રહ્યું ન હતું. બજાર હતું તે જગ્યાએ એક માળ જેટલી ઊંચી શીલાઓ આવીને પડી હતી.

જલારામ હોટેલના નીચેના માળની ચાર રૂમમાં કાદવ ભરાઇ જવાથી અમે ઉપરના માળની ત્રણ રૂમમાં ૨૫ જણાએ પલંગમાં બેસી રહીને ૧૭મીની રાત વિતાવી. આટલો બધો વિનાશ થયો છે તે અમારા બે જણા સિવાય અન્ય કોઇ જાણતું ન હતું. લોકલ માણસોએ ૧૭મી તારીખે સાંજે નદી ઓળંગવા પુલ બનાવવાની કોશિષ કરી, પરંતુ તેમાં તેમનાં બે માણસો તણાઇ ગયા.

૧૮મી તારીખે ઉઘાડ નીકળતાં હોટેલવાળા સુરેશભાઇ આવી ગયા અને બધાને બહાર કાઢી રૂમોને તાળુ મારી દીધું. રસોઇ બનાવનાર પણ હોટેલ છોડી જતો રહ્યો. હોટલના રસોડામાંથી ખાંડ લઇ બધાને મુઠી મુઠ્ઠી ખાંડ ખવડાવી પેટની લ્હાય ઓછી કરી. અમે હેલીકોપ્ટરની પ્રતિક્ષામાં સમય પસાર કરતા હતા. નદી પાસે લાકડા-જાળીઓ લઇ જઇને પુલ બનાવવાની કોશિશ કરી પરંતુ તેમાં અસફળ રહ્યા. પાછા આવી બે જણાને મંદિરના પાછળના ભાગમાંથી નદી ઓળંગવાની શક્યતા ચકાસવા મોકલ્યા. ગમે તે બાજુ જઇને બહાર નીકળવા સાહસ કરવું પડે તેમ હતું.

અંતે મંદિરના પાછળના ભાગમાં હેલીકોપ્ટર ઉતરતું જોયું. અમે બધાને સમજાવી દીધું કે આજુબાજુમાં જોયા વગર અમારી પાછળ પાછળ મંદિર પાસે જઇ હેલીપેડ પર જવાનું છે. હેલીપેડ પર જવા માટે બે જગ્યાએ નદી ઓળંગવી પડતી હતી. અમે લોકલ માણસોનો સહારો લઇ નદી ઓળંગી હેલીપેડ પર પહોંચ્યા. ત્યાં બહેનોને પહેલાં લઇ જવાનું જણાવવામાં આવ્યું, ભાઇઓને બીજી એક નદી ઓળંગી ૩ કિ.મી. દૂર આર્મીના હેલીપેડ પર જવાનું કહેવામાં આવ્યું. મોટા ભાગની અમારી બહેનો હેલીકોપ્ટરમાં બેસી ગઇ, માત્ર ત્રણ બહેનો અને ભાઇઓ બાકી રહ્યા, અને નદી ઓળંગી રેગ્યુલર હેલીપેડ પર પહોંચ્યા ત્યારે ૧૮મી તારીખનાં સાંજના ૪.૦૦ વાગી ગયા હતા. પ્રથમ હેલીકોપ્ટર આવ્યું તેમાં ત્રણ બહેનો અને કેટલાક ભાઇઓ ચઢી ગયા. લાઇન કરાવવા માટે કોઇ વ્યવસ્થા ન હતી. બળીયો હોય તે હેલીકોપ્ટરમાં ચઢી જતો હતો. બીજું હેલીકોપ્ટર આવતાં સાધુઓ અને ઘરડાંને લેવામાં આવ્યા. આર્મીનું હેલીકોપ્ટર ગુપ્તકાશીમાં ચારધામ કેમ્પમાં લઇ જતું હતું. પ્રાઇવેટ કંપનીના હેલીકોપ્ટરો જુદી જુદી જગ્યાએ ઉતારતા હતા. ભાઇઓ-બહેનોને અલગ-અલગ હેલીકોપ્ટરમાં લઇ જઇ કુટુંબ વેરવિખેર કરી નાખતા હતા. ઉતર્યા પછી કોણ કયાં ઉતર્યું છે તેની કંઇ માહિતી મળતી ન હતી.

૧૮મી તારીખે સાંજે ૬.૦૦ વાગતાં ઇનચાર્જ માણસ દ્વારા જણાવવામાં આવ્યું કે હવે હેલીકોપ્ટર નહીં આવે. આપણે બધાએ અહીં જ સૂઇ જવું પડશે. બધાને એક-એક ધાબળો અને બિસ્કીટ આપવામાં આવ્યા. અમે છ જણા રહી ગયા હતા. છ જણ વચ્ચે ૮ ધાબળા ભાગમાં આવ્યા. હેલીપેડ પર ઘાસમાં બે ધાબળા પાથર્યા. તેમાં અનુક્રમે વિરેન્દ્રભાઇ, દશરથભાઇ, મારો બાબો - ઉજ્જવલ, હું (વિષ્ણુભાઇ), ધીરૂભાઇ, પી.એમ.પટેલ રાત્રે ૮ કલાકે આડા પડ્યા. પાતળી હવા અને ઠંડીને કારણે મારો શ્વાસ રૂંધાતો હતો. આખા દિવસની દોડધામ-ટેન્શન અને ફેમીલીથી છૂટા પડવાને કારણે ધીરૂભાઇ અને પી.એમ. પટેલ પણ આમતેમ પાસાં ફેરવતા હતા. હું ૧૦-૧૦ મિનિટે પૂછતો હતો ધીરૂભાઇ ઠંડી લાગે છે? શ્વાસ ચઢે છે? પી.એમ. ઓઢવાનું પુરતું છે? ધીરૂભાઇ મારી સાથે લપાઇને સૂઇ ગયા હતા. રાત્રે ૮.૪૫ કલાક આસપાસ તેઓ બોલ્યા જોને વી.જે. આપણને ઊંઘ આવતી નથી અને દશરથભાઇને વિરેન્દ્રભાઇ

નસકોરાં બોલાવે છે. મેં કહ્યું, હા, હા. માત્ર દસ-પંદર મિનિટ બાદ ધીરૂભાઇના નાકમાંથી ઊંડા શ્વાસ લેવાનો અવાજ સંભળાયો. હું બેઠો થઇ ગયો. બાકીનાને જગાડ્યા. આખા શરીરે વીક્સ ચોળ્યું, હૃદય પર પમ્પીંગ કર્યું, મોં વડે શ્વાસ આપવાનો પ્રયત્ન કર્યો. જીભ નીચે દવા મૂકી, પરંતુ અમારા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. ત્રણ જ ડચકામાં તેમનું પ્રાણ પંખેરૂં ઊડી ગયું. અમે હેલીપેડના ઇનચાર્જને બોલાવ્યા, ઇમરજન્સીમાં હેલીકોપ્ટર બોલાવવા જણાવ્યું, પંરતુ તેની વોકીટોકી ચાલતી ન હતી. રાત્રે હેલીકોપ્ટર આવી ન શકે તેમ જણાવ્યું. તેમણે પણ નાડી તપાસીજોઇ, તેનું મસ્તક નમી ગયું, તેનામાં બોલવાની હિંમત ન હતી. હું સમજી ગયો મેં તેને દિલાસો આપ્યો. અમારા નસીબ વાંકા હશે એટલે હેલીપેડ પર રાત વિતાવવાનો વારો આવ્યો, નહીંતર અમે શ્રી જય અંબે પરિવારના ખજાનચી ધીરૂભાઇને ગુમાવ્યા ન હોત. તંત્રની બેદરકારીને લીધે આખા હેલીપેડ પર ૬૦થી ૭૦ માણસો રહી ગયા હતા. તેઓ લાચાર થઇ પથ્થરોની આડશ લઇને ભેંકાર રાત્રીમાં હાડ થીજાવતી ઠંડીમાં થરથરતા બેઠા હતા. અમારી સાથે બનેલ ઘટનાની જાણ કોઇને થવા દીધી ન હતી. નહિંતર શોકને કારણે બીજી લાશો પડત. હું અને મારો પુત્ર ઉજ્જવલ એકબીજાને બાથમાં લઇ, ધાબળો ઓઢી, એક છત્રી ઓઢીને બેઠા હતા. વચ્ચે ધીરૂભાઇનો મૃતદેહ મૂક્યો હતો. ઉપર થેલા મુક્યા હતા, બીજા બાજુ વિરેન્દ્રભાઇ, દશરથભાઇ અને પી.એમ. પટેલ શરીર સંકોચીને અડોઅડ બેસી ધાબળા ઓઢી - બે છત્રી નીચે બેઠા હતા. રાત્રે ૧૧.૩૦ કલાકે વરસાદ ચાલુ થઇ ગયો. રાત્રીનો અંધકાર, બાજુમાં બિહામણા ખળખળ અવાજ સાથે વહેતી મંદાકિની નદી, જંગલી કૂતરાઓનો અવાજ, સોય જેટલા બાકોરામાંથી હિમાલય તરફથી આવતા લોહી થીજાવી દે એવા ઠંડા પવનો અમારા શરીરને પણ મૃતદેહમાં ફેરવવા અડપલાં કરી રહ્યા હોય તેમ લાગતું હતું. બાજુમાં જંગલી કૂતરો સૂઇ ગયો હતો. તેને દૂર ખસેડવાની હિંમત ચાલતી ન હતી. શરૂઆતથી જ થઇ રહેલી કસોટીઓથી માતાજી તરફની શ્રદ્ધા ડગવા લાગી હતી. તેમ છતાં ભગવાન સિવાય કોઇ સહારો ન હતો. મનમાં માતાજીની ભક્તિ કરી ગોજારી રાત કયારે પુરી થશે તેની વાટ જોઇ રહ્યા હતા. હું અડધા અડધા કલાકે ઉજ્જવલને સમય પુછી જાગ્રત કરી રહ્યો હતો. વિરેન્દ્રભાઇ અવનવી વાતો કરી ધ્યાન બીજે દોરી દુઃખ ભૂલવાનો પ્રયત્ન કરતા હતા. આખી રાત સતત ચાલુ રહેલા વરસાદને લીધે ધાબળાનો ઉપરનો ભાગ પલળી ગયો હતો. પેન્ટ નીચે પણ પાણી આવી ગયું હતું. એક રાત એક યુગ જેવી લાંબી લાગતી હતી. સવારે ૫.૦૦ કલાકે પોં ફાટતાં ઉજાસ ફેલાયો અને કંઇક આશા બંધાઇ.

૧૯ તારીખે સવારે ૭.૦૦ કલાકે હેલીકોપ્ટર આવ્યું. લાશ સાથે અમને ૫ જણાને લઇને ઉડાણ ભર્યું. ૧૫ મિનિટમાં ફાંટા હેલીપેડ પર અમને ઉતારી દીધા. લાશને રસ્તાની બાજુમાં મૂકી, પ્રાઇવેટ વાહન મારફતે ગુપ્તકાશી જવાનું કહેવામાં આવ્યું. અમે વાહન માટે તપાસ કરી, કોઇ વાહનવાળા લાશને ગુપ્તકાશી પહોંચાડવા તૈયાર ન હતા. ત્યાંના પીઆઇ સારા હતા. બે કલાક સુધી અમારી સાથે વાહન માટે ફર્યા. અંતે ૧૧.૩૦ કલાકે એક ગાડીવાળો તૈયાર થયો. અમે લાશ લઇ ગુપ્તકાશી સરકારી હોસ્પિટલ ગયા. ત્યાંના ડૉકટરે પોસ્ટમોર્ટમ માટે જિલ્લાના દવાખાના રૂદ્રપ્રયાગમાં જવાનું કહ્યું.

(ક્રમશઃ)